Introduction

## પ્રાક્કથન

ગુજરાતમાં બ્રિટિશપદ્ધતિની નવી કેળવણીનો ઇતિહાસ લગભગ દોઢસો વર્ષ જૂનો છે. એ પૈકીના પ્રથમ સો વર્ષ દરમ્યાન કેળવણીનાં અનેક પાસાં ઊપસ્યાં હતાં અને તેના પ્રશ્નો અને પ્રવાહોની હારમાળા સર્જાઇ હતી. પાઠક, રાજગોર, શેલત વગેરે સંશોધકોએ ગુજરાતની કેળવણીના ઘડતરના આ પ્રારંભિક સૈકા પર પ્રકાશ પાથર્યો છે. તાજેતરમાં ડૉ. શીવપ્રસાદ રાજગોરે ગુજરાતની કેળવણીના ઇતિહાસ પર એક અભ્યાસગ્રંથ પણ પ્રસિધ્ધ કર્યો છે. પરંતુ આ દિશામાં થયેલા પ્રયત્નો હજુ મર્યાદિત રહયા છે અને વધુ પુષ્ટિની અપેક્ષા રાખે છે. વળી, આજદિન સુધીમાં ગુજરાતની અર્વાચીન કેળવણીના ઇતિહાસ પર જે સંશોધનો થયાં છે અને જે સાહિત્ય રચાયું છે, તેનું ઘડતર મુખ્યત્વે સરકારી અહેવાલો, દફતરો વગેરે જેવી સરકારી રંગે રંગાયેલી આધારસામગ્રી પર થયું છે. પ્રસ્તુત સંશોધનમાં ગુજરાતની વર્તમાન કેળવણીના પ્રારંભકાલના એક સૈકા (ઇ.સ.૧૮૨૦થી ઇ.સ.૧૯૨૦)ના ઇતિહાસની ઇમારત રચવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, પરંતુ આજદિન સુધી આ ક્ષેત્રે થયેલા પ્રયત્નોમાં આ સંશોધન એક જુદી જ, અને નવીન કહી શકાય એવી, ભાત પાડે છે. આ સંશોધનના અભિયોગ અને ઉપક્રમ જુદા છે. એમાં અધ્યેયકાલને આવરી લેતી ગુજરાતી ચરિત્રવાઙ્મયમાં વેરવિખેર પડેલી અર્થસૂચક શિક્ષણવિષયક સામગ્રી ચૂંટી, તેનું વર્ગીકરણ, સંયોજન અને અર્થઘટન કરી, માનવીય સંવેદનો, પ્રત્યાઘાતો, નિરીક્ષણોના જીવંત ધબકારને ઝીલતી, ગુજરાતની કેળવણીની વિકાસગાથાને નવી ઘાટીએ કંડારવાનો શાસ્ત્રીય રીતે નમ્ર પ્રયત્ન થયો છે. વળતે, ચરિત્રસાહિત્યની સામગ્રીનો બહાળો ઉપયોગ કરી તેના પર કોઇ પ્રદેશની કેળવણીની વિકાસગાથાને સંશોધનની ભૂમિકા પર અક્ષરદેહ આપવાનો આ પ્રથમ જ પ્રયત્ન હશે !

ગુજરાતી ભાષા-સાહિત્ય પ્રત્યેના મારા વિશેષ **પક્ષપાત** અને અભિનિવેશને ધ્યાનમાં લઇ, આવું અભીષ્ટ સંશોધન હાથ ધરવાની પ્રેરણા આપી, તેને શાસ્ત્રીય ભૂમિકા પર લઇ જવા માટે સતત દષ્ટિવંત માર્ગદર્શન પૂરું પાડનાર, મારા માર્ગદર્શક પ્રોફેસર ડૉ. ધનવંતભાઇ મ. દેસાઇનો આભાર કયા શબ્દોમાં માનું ? એમણે

ચીંધેલા માર્ગે અઢી વર્ષની ઊંડી અને અવિરત અભ્યાસ-આરાધનાને અંતે આ સંશોધન મહાનિબંધ હું પૂરો કરી શક્યો છું. સંશોધનની આંટીઘૂંટીઓ ઉકેલવામાં એક સમર્થ ભોમિયાની હેસિયતથી ગુરુની અપાર મમતાપૂર્વક પથપ્રદર્શન કરી એમણે મારા કાર્યને સરળ અને સંગીન બનાવ્યું છે. એમનો આભાર જેટલો માનું તેટલો ઓછો !

પ્રસ્તુત સંશોધન માટેના સંદર્ભસાહિત્યની પ્રાપ્તિમાં મને અનેક મિત્રો અને સ્નેહીઓના ઉષ્માપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો છે. એ સહુ-વિશેષત: મારી કોલેજના આચાર્ય શ્રી ગોરધનભાઇ મહંત, આર. પી. અનડા શિક્ષણ મહાવિદ્યાલય, બોરસદના આચાર્ય શ્રી પૂનમભાઇ પટેલ, ભારતી વિનયમંદિર ચકલાસીના આચાર્ય શ્રી અંબુભાઇ પટેલ, પ્રો. જી. બી. શિંદે, પ્રો. જી. એચ. પટેલ-નો હું ઋણી છું.

આ પ્રસંગે, વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ તરફથી મને પ્રસ્તુત સંશોધન હાથ ધરવા માટે પ્રાપ્ત થયેલી આર્થિક સહાયની સાભાર નોંધ લઉં છું. મારી કોલેજના કેળવણી મંડળના મંત્રી, શ્રી રણજિતરાય શાસ્ત્રીએ પણ મારા આ સંશોધનને વેગ આપવા ઘણી સુવિધાઓ પૂરી પાડેલી, એમનો પણ હું ખૂબ આભારી છું.

પીએચ.ડી.નું સંશોધન એક કઠિન તપશ્ચર્યા છે. કુટુંબીજનોના મમતાળુ સહકાર સિવાય એ તપશ્ચર્યા મુશ્કેલ બની જાય છે. આ કાર્ય હું પૂરું કરી શકું છું, તેમાં મારાં પત્ની મધુબાળાનો ફાળો પણ ઘણો મોટો છે.

આશા રાખું કે જે દૃષ્ટિ, શ્રદ્ધા અને લગનથી પ્રસ્તુત સંશોધનકાર્ય હાથ ધરેલું, તે એમાં અનુસ્યૂત થયેલી હોય અને એની પ્રતીતિ સંશોધનઅહેવાલનાં પૃષ્ઠોમાંથી મળી રહે !

શ્રીમતી બી. સી. જે. કોલેજ ઓફ એજ્યુકેશન,
ખંભાત

વિનોદ બી. પટેલ

તા. ૧૬-૫-'૭૫.